[illegible] ઍરિસ્ટાની યુક્તિ.

[illegible] ગુજરાતીમાં [illegible]

વિદ્યાર્થીઓને માટે.

[illegible]

[illegible]

[illegible]

[illegible] — [illegible]

[illegible]

[illegible]

[illegible]

સને ૧૮૮૮ [illegible]

કિંમત ૪ આના.

૩૭૧૯

(બીજા ધોરણને માટે.)

भरुच जील्लानी भूगोळ.

ભૂગોળ—પૃથ્વીની સપાટી ઉપરના ભાગોનું વર્ણન ભૂ; અને ગોળ એ શબ્દ મળીને ભૂગોળ થઈ છે. ભૂ એટલે પૃથ્વી અને ગોળ એટલે આકાર, પૃથ્વી ગોળ છે.

પૃથ્વીનો આકાર—નારંગીના જેવો ગોળ છે એટલે પૂર્વ અને પશ્ચિમ તરફ કરતાં ઉત્તર અને દક્ષિણ તરફ જરા ચપટી છે.

પૃથ્વી ઉપર મુખ્ય શું—પાણી અને જમીન એ બે છે આખી પૃથ્વીના સરખા ચાર ભાગ કરીએ તો એ ભાગ કરતાં વધારે પાણી છે, ને બાકીની ખુલ્લી જમીન છે.

દિશાઓ ચાર છે. ૧ પૂર્વ, ૨ પશ્ચિમ, ૩ દક્ષિણ, ૪ ઉત્તર,

પૂર્વદિશા—જે તરફ સૂર્ય ઉગતો દેખાય છે તેને ઉગમણી દિશા પણ કહેછે.

પશ્ચિમદિશા—જે તરફ સાંજ પોરનો સૂર્ય આથમતો દેખાય છે તે. એને આથમણી દિશા પણ કહે છે. વળી પૂર્વદિશાની સામેની પશ્ચિમ દિશા સમજવી.

દક્ષિણ ને ઉત્તર દિશા—પૂર્વ તરફ મોં કરી ઉભા રહીએ તો જમણા હાથ તરફની દક્ષિણ દિશા આવે, ને ડાબા હાથ તરફની ઉત્તર દિશા જાણવી.

ખુણાઓ—ચાર છે. ૧ અગ્નિ, ૨ વાવ્ય, ૩ નૈરૂત્ય, ૪ ઇશાન.

અગ્નિ ખુણો—દક્ષિણ અને પૂર્વ વચ્ચેનો.

વાવ્ય ખુણો—ઉત્તર અને પશ્ચિમની વચ્ચેનો.

નૈરૂત્ય ખુણો—દક્ષિણ અને પશ્ચિમની વચ્ચેનો.

ઇશાન કુણો—ઉત્તર અને પૂર્વની વચ્ચેનો.

વાખ્યાઓ.

નકશો—ગામ, શેહેર, પ્રગણું, જીલ્લો, વિગેરે હરેકનો નમુનો યા આકાર તેને નકશો કહે છે.

ગામ તથા કસ્બો—જેની અંદર થોડાં ઘર આવેલાં હોય તેને ગામ કહેછે. અને તેથી વધારે ને સારાં ઘર હોય તો તેને કસ્બો કહેછે.

શેહેર—જેની અંદર મોટાં મોટા છાબધ ને હારબંધ ઘર આવેલાં હોય, તથા મોટાં મોટાં બજાર ને વેપાર સારો ચાલતો હોય તેને શેહેર કહેછે.

બંદર-જે ગામ કે શેહેર દરિયા કિનારે કે મોટી નદીના મુખપર આવેલું હોય અને માલ વહાણ મારફતે ચઢે અથવા ઉતરે તે.

ફુરજો—વહાણમાં જે જગો પરથી માલ ચડેછે તથા ઉતરે છે તે જગાએ વેપારી લોકોની લાતીઓ હોય છે તથા સરકાર તરફથી એક અમલદાર તથા બીજા કારકુન હોયછે ને તે જગાએ ડકો બંધાએલો હોયછે તે.

પ્રગણું—એક મામલતદારના તાબામાં જેટલાં ગામ હોય તે.

પ્રગણાનું નામ—મામલેદાર જે ગામમાં કચેરી કરે છે તે ગામપરથી પાડે છે.

જીલ્લો—એક કલેકટરના તાબામાં જેટલાં પ્રગણાં હોય તે.

જીલ્લાનું નામ—કલેકટર સાહેબ જે ગામમાં પોતાનું રેહેઠાણ કરે તે પરથી.

પ્રગણાની હદ—ઘણું કરીને નદીઓ અથવા ખાડીઓથી થએલી હોય છે.

નદી—મીઠા પાણીનો પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નીકું

ફરીને ઢળતી જગામાં થઈ સમુદ્રને મળે છે.

ખાડી—સમુદ્રને મળતા પેહેલાં ભરતીનું પાણી મોંહે આવે તેને.

સમુદ્ર—માહાસાગરથી નાનો તેને **સમુદ્ર** અથવા દરિઓ કે સાગર કહે છે.

માહાસાગર—પૃથ્વી ઉપર ખારૂ પાણી છે તેના પાંચ ભાગ કર્યા છે, તેમાંના દરેકને મહાસાગર કહેછે.

અખાત-જમીન પર ઘણા ગાઉ સુધી ગએલો સમુદ્રનો ફાંટો તે.

બેટ—જે જમીનની ચારે બાજુએ પાણી હોય છે તે.

ડુંગર—જમીન ઉપર ઊંચા ઊંચા ટેકરાનો જથો એકઠો થઇ દુર સુધી ગએલો હોય તે.

પાહાડ કે પર્વત—ઘણા ઉંચા ડુંગરા લાંબા વધીને ઘણા ગાઉ સુધી ગયા હોય તે.

તળાવ કે સરોવર—જે પાણીની ચારે બાજુએ જમીન હોય તે તળાવ અને તળાવથી મોટું તથા ઊંડુ હોય તે સરોવર; એનું પાણી મીઠું હોય છે.

નદીનું મુળ તથા મુખ—નદી જે જગાએથી નીકળે છે તે મુળ અને દરીઆને જ્યાં આગળ મળે છે તે મુખ.

સંગમ—જે સ્થળે નાની નદી મોટી નદીને મળે છે તેને સંગમ કહે છે.

સંસ્થાન—દેશી રાજાઓનું નાનું કે મોટુ એક રાજય અંગ્રેજ સરકારના ઉપરીપણા નીચે હોય તે.

કલેકટર—મામલતદાર તપાસ કરેછે તથા મામલતદારે કરેલા ઇનસાફની અપીલ સાંભળે છે તથા મોટા ગુના તપાસેછે તે.

જજ્જ—દીવાની કામ ચુકવે છે તથા મુનસફના ઇનસાફની

અપીલ સાંભળે છે તથા સેસન ગુનાહનો ઇનસાફ કરે છે તે.

મામલતદાર—જમીનની આમદાની વસુલ કરેછે અને હલકા ફોજદારી ગુનાહના ઇનસાફ કરે છે તે.

મુનસફ—લેણા દેણાનાં તકરારી કામ ચુકવે છે તે.

ફોજદાર—ચોરી, ખુન, ધાડ, મારામારી વિગેરેના બંદોબસ્ત રાખે છે તે.

ભરૂચ જીલ્લાનું સામાન્ય વર્ણન.

આપણે ભરૂચ જીલ્લામાં રહીએ છીએ અને તેનું મુખ્ય શેહેર ભરૂચ નર્મદા નદીને ઉત્તર કિનારે એક ઉંચી ટેકરી પર છે; એનું અસલ નામ ભ્રગુપુર અથવા ભ્રગુક્ષેત્ર કહેવાય છે ને તે ઇ. સ. ૧૮૦૩ માં અંગ્રેજોને હાથ આવ્યું. આ ભરૂચ જીલ્લાનો નકશો છે.

નકશાની દિશાઓ—નકશો સીધો રાખીને તેની સામા આપણે ઉભા રહીએતો ઉપલી તરફ તે ઉત્તર, નીચે ભોંય તરફની દક્ષિણ, ડાબા હાથ તરફની પશ્ચિમ, ને જમણા હાથ તરફની પૂર્વ, ને તે ઉપરથી ખુણા પણ તરત જણાશે.

ભરૂચ જીલ્લાની સીમા—ઉત્તરમાં મહી નદી તથા પેલી તરફ ખેડા જીલ્લાનું બોરસદ પ્રગણું છે. દક્ષિણમાં કીમ નદી તેની પેલી મેર સુરત જીલ્લાનું ઓરપાડ પ્રગણું છે. પૂર્વમાં ગાયકવાડી વડોદરા, તથા રાજપીપળાનું સંસ્થાન છે ને પશ્ચિમમાં ખંભાતનો અખાત છે.

જીલ્લાનું ક્ષેત્રફળ—(૧૪૫૩) ચોરસ માઈલછે.

ગામ તથા વસ્તી—(૪૦૧) ગામ તથા (૩૨૬૯૩૦) માણસની વસ્તી છે.

મુખ્ય નદીઓ—૧ મહી, ૨ ઢાઢર ૩ નર્મદા, ૪ કીમ, ૫ ભુખરાવતી.

મહી નદી—માળવા દેશના પહાડમાંથી નીકળીને ખંભાતના આખાતને મળે છે. ને પુર્વથી પશ્ચિમમાં વહે છે. (કાવી, સારોધ, દેગામ, એ ગામ દક્ષિણ કીનારે આવ્યાં છે.)

ઢાઢર નદી—રેવાકાંઠાના નારૂકોટ પાસેના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે. ને જંબુસર પ્રગણાની દક્ષિણમાં ને આમોદ પ્રગણાની ઉત્તરે આવી છે તે પૂર્વથી પશ્ચિમમાં વહે છે.

(ટંકારીઆ ને ડોળીઆ ઉત્તરે, કિનાર તથા આમોદ ને ગંધાર, દક્ષિણ કિનારે આવ્યાં છે.)

નર્મદા નદી—સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે ને પૂર્વથી પશ્ચિમમાં વહે છે. આશરે ૮૦૯ માઈલ લાંબી છે; ગુજરાતમાં સૌથી મોટી નદી આ છે એ ભરૂચ પ્રગણાની ને અંકલેશ્વર પ્રગણાની વચમાં રહીને વહે છે. (ભરૂચ, શુકલતીર્થ, ઝાડેશ્વર, તવરા, ભાડભુત, એ ગામ ઉત્તર કિનારે છે. માંડવા, દીવા, સકરપોર એ દક્ષિણ કિનારે છે.)

કીમ નદી—એ રાજપીપળા અથવા નાંદોદ સંસ્થાનના ડુંગરમાંથી નીકળીને ખભાતના અખાતને મળેછે, ને પૂર્વથી પશ્ચિમમાં વહે છે. તે અંકલેશ્વર પ્રગણાની દક્ષિણમાં છે. (એને ઉત્તર કાંઠે ઓભા ને ઈલાવ એ ગામ આવ્યાં છે.)

ઉમરાવતી—રાજપીપળા અથવા નાંદોદ સંસ્થાનના ડુંગરમાંથી નીકળીને માંડવા બુજર્ગ આગળ નર્મદા નદીને મળે છે. ને દક્ષિણથી ઉત્તરમાં વહે છે. (એને કાઠે માંડવા ગામ છે.)

મુખ્ય ખાડીઓ—ભુખી એ ભરૂચ તથા વાગરા પ્રગણાની વચ્ચે છે. વંદ એ અંકલેશ્વર પ્રગણાના કતપોર ગામની પાસે છે. ઓછાદ, ગોપાળ, રૂપારેલ, એ ખાડીઓ આમોદ પ્રગણામાં આવી છે.

ને ગુગલીઓ, સાબુ, ખારા એ વાગરા પ્રગણામાં છે.

મુખ્ય બેટ—ધંતુરીઆ, તરીઆ, આલીઆ, કાશીઆ, (તેમાં આલીઆમાં વસ્તી નથી.)

મુખ્ય અખાત—ખંભાતનો અખાત તે ભરૂચ જીલ્લાની પશ્ચિમમાં છે.

રેલવે સ્ટેશન—પાનોલી, અંકલેશ્વર, ભરૂચ, ચમારગામ, પાલેજ.

મુખ્ય બંદર—ભરૂચ નર્મદા નદીને કાંઠે છે. દેગામ મહી નદીને કાંઠે, ટંકારીઆ ઢાઢર નદીને કાંઠે. દેહેજ દરિઆ કિનારે છે. (આ બંદરોનો વેપાર આગગાડી થવાથી નબળો પડી ગયોછે.)

મુખ્ય દવાખાનાં—ભરૂચ, જંબુસર, અંકલેશ્વર, હાંસોટ, ઇલાવ, આમોદ ને વાગરા.

જાત્રાની જગાઓ—ભરૂચ પ્રગણામાં શુકલતીર્થ, તવરા ને ભાડભુત તથા અંકલેશ્વર પ્રગણામાં સજોદ ગામ ને વાગરા પ્રગણામાં લખી ગામ.

જોવા લાયક જગા—કાવીમાં સાસુ વહુનાં દેહેરાં છે; શુકલતીર્થની પાસે કબીર નામે વડ તથા નાંદોદના રાજ્યમાં ગુમાન દેવ ને ગંધારમાં બે તળાવ છે તથા (ભરૂચ આગળ નમદા નદીનો પુલ ઘણોજ મજબુત ને શોભાયમાન છે.)

મુખ્ય ગામ—ભરૂચ, જંબુસર, અંકલેશ્વર, આમોદ, હાંસોટ, કાવી, સારોદ, ગજેરા, ટંકારીઆ, કેરવાડા, સરભોણ, દહેજ, વાગરા, શુકલતીર્થ, અમલેશ્વર, ઇલાવ, કતપોર, ને સજોદ.

મુખ્ય અધીકારી—કલેકટર, આસિસ્ટંટ કલેકટર, પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ, પોલીસ ઈન્સ્પેકટર, મામલતદાર, મુનસફ, ફોજદાર, વિગેરે વળી સુરતથી જજ્જ સેસન કામ ચુકવવા આવે છે ને આ-

સિસ્ટંટ જજજની કચેરી હાલ નીકળી છે.

રૂનાં કારખાનાં—ભરૂચમાં ૧૨ કપાસ પીલવાનાં ને ૩ કાપડ વણવાનાં છે.

પ્રગણાં—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર, (હાંસોટ કસ્બો છે.)

ભરૂચ પ્રગણુ.

ચાર દિશાની હદ—ઉત્તરમાં ભુખી ખાડી તથા પેલી તરફ આમોદ ને વાગરા પ્રગણુ, દક્ષિણમાં નર્મદા નદી તથા પેલી તરફ અંકલેશ્વર પ્રગણું, પૂર્વમા ગાયકવાડી વડોદરા સંસ્થાન, પશ્ચિમમાં ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—(૧૦૪) ગામ ને (૬) મોવાડાં છે. તેમાં ભરૂચ શેહેરની વસ્તી બાદ કરતા આ તાલુકામા (૭૩૨૮૦) માણસની વસ્તી છે.

મુખ્ય નદી—નર્મદા એ સાતપુડા પર્વતમાંથી નીકળીને ખભાતના અખાતને મળે છે.

મુખ્ય ખાડી—ભુખી ખાડી, એ ભરૂચ તથા વાગરા પ્રગણાની વચ્ચે છે.

મુખ્ય શેહેર—ભરૂચ નર્મદા નદીને કાંઠે છે; આ શેહેરમાં પેહેલાં વેપાર ઘણો સારો ચાલતો હતો પણ આગગાડી થવાથી હાલ નબળો પડી ગયો છે.

રેલવેસ્ટેશન—ભરૂચ, ચગારગામ, પાલેજ.

મુખ્ય બેટ—ધંતુરીઆ, આલીઆ, કાશીઆ, તરીઆ.

જાત્રાની જગો—શુકલતીર્થમાં દર વરશે કારતક સુદ ૧૫ ઉપર, તવરાગાં દર અઢાર વરશે બે વૈશાખ આવે ત્યારે, ને ભાડભુ-

તમાં દર અઢાર વરશે બે ભાદરવા આવે ત્યારે જાત્રા ભરાય છે.

જોવા લાયક મકાન—ભરૂચમાં જુમામશીદ, શુક્લતીર્થ ની પાસે કબીર નામે વડ, ને નાંદોદના રાજ્યમાં ગુમાન દેવ.

ઇનામી ગામો—અડોલ, મંગળેશ્વર, થામ, ભુવા, અલ્લારવા વેરવાડા, ઉમરાજ, (વળી જનોરના ઠાકોરને રોકડ મળે છે).

મુખ્ય ગામ—ભરૂચ નર્મદાને કિનારે છે એમાં (૩૭૨૮૧) માણસની વસ્તી છે તેમાં બ્રાહ્મણ, વાણીઆ, ક્ષત્રી, પારશી, મુસલમાન, વિગેરે જાતના લોકો વસે છે તથા સુધરાઇખાતુ છે. એમાં **શુક્લ તીર્થ, ટંકારીઆ, શાહુબાદ, ઝાડેશ્વર, ઝનોર, નીકોરા, પારખેત, અમલેશ્વર**, એ મોટાં ગામ છે. આ શિવાય (**તવરા, પાદરીઆ, શીત્તપોણ**) છે.

મુખ્ય અધીકારી—કલેકટર, આસિસ્ટંટ કલેક્ટર, મામલતદાર, ફોજદાર, સદર અમીન, ડાક્તર, સ્માલકાજ કોરટના જજજ વિગેરે છે.

રૂનાં કારખાનાં—(૧૨) કપાસ પીલવાનાં (૩) સુતર વણુવાના તે બધાં વરાળથી ચાલે છે (પાલેજને ચમાર ગામમા પણ કપાસ પીલવાનાં કારખાંનાં છે.

મુખ્ય પેદાશ—કપાસ, જુવાર, ઘઉં, કઠોળ, અને થોડી ઘણી શેરડી તથા કસુંબાના ફુલની છે.

અંકલેશ્વર પ્રગણું.

ચાર દિશાની હદ—ઉત્તરમાં નર્મદા નદી તથા પેલીમેર ભરૂચ પ્રગણું, દક્ષિણમાં કિમ નદી પેલીમેર સુરત જીલ્લાનું ઓરપાડ પ્રગણું, પુર્વમાં રાજપીપળા ઉર્ફે નાંદોદનું સ્વસ્થાન, પશ્ચિમમાં ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—(૯૯) ગામ ને (૧) મોવાડો છે તથા (૬૫૦૫૪) માણુસની વસ્તી છે.

મુખ્ય નદીઓ—નર્મદા એ ઉત્તરમાં છે, કીમ દક્ષિણમાં છે, ને ઉમરાવતી પુર્વમાં છે.

મુખ્ય ખાડીઓ—વંદ પુર્વથી પશ્ચિમ તરફ છે.

રેલવે સ્ટેશન—અંકલેશ્વર ને પાનોલી.

દવાખાનાં—અંકલેશ્વર, હાંસોટ ને ઇલાવ.

મુખ્ય પાહાડ—એકે નથી પણ પૂર્વ ભાગમાં કોઈ કોઈ કણે ટેકરા છે.

જાત્રાની જગાઓ—સજોદ, તથા અંકલેશ્વરથી દોઢ ગાઉ ઉપર જળકુંડ છે.

મુખ્ય ગામ—૧ અંકલેશ્વર, તેમાં (૯૫૩૫) માણુસની વસ્તી છે તથા સુધરાઈખાતુ તથા દવાખાનુ છે. હાંસોટ એ મોટો કસ્બો છે એમાં ૪૨૭૫ માણુસની વસ્તી છે; **ઇલાવ, કતપુર, દીવા, શીશોદરા ને માંડવાબુજર્ગ, સજોદ** એ મોટાં ગાગ છે.

ઇનામી ગામ—ઉટીઆદરા, દઢોળ, અંબોલી.

મુખ્ય અધીકારી—મામલતદાર, મુનસફ, ફોજદાર, ડાકટર,
(આ પ્રગણું મોટું છે, માટે હાંસોટમાં એક મહાલકરી રહેછે.)

મુખ્ય પેદાશ—કપાસ. જુવાર, ઘઊં, કઠોળ, તેગજ હાંસોટ

પ્રગણાના ઘઉં ભરૂચ જીલ્લામાં ઘણા વપરાય છે.

વાગરા પ્રગણું.

ચાર દિશાની હદ—ઉત્તરમાં ઢાઢર નદી અને આમોદ પ્રગણું તથા પેલી તરફ જંબુસર પ્રગણું, દક્ષિણમાં ભુખી ખાડી, પેલી તરફ ભરૂચ પ્રગણું, પૂર્વમાં ભરૂચ તથા આમોદ પ્રગણુ, પશ્ચિમે ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—(૬૯) ગામ તથા (૩૩૯૦૨) માણસની વસ્તી છે.

મુખ્ય નદી—એકે નથી પણ ભરૂચ તથા વાગરા પ્રગણાની વચે ભુખી ખાડી છે.

મુખ્ય બંદર—દેહેજ (રેલવે થવાથી વેપારમાં નબળું પડી ગયું છે).

જાત્રાની જગાઓ—લખી ગામમાં લક્ષમણ લોટેશ્વરાનાં દેરાં છે ત્યા અસાડ સુદ ૧૧ ને દીવસે મેળો ભરાય છે. ને તે આખા ભરૂચ જીલ્લામાં પ્રખ્યાત છે.

ઠાકોરનાં ગામ—દેહેજ, જણીઆદરામાં ઠાકોરના વાંટા છે. વળી કલગ ગામ ભરૂચના દેશાઈજી કલ્યાણરાયજી હકુમતરાયજીનું ઈનામી છે.

મુખ્ય ગામ—લખીગામ, *ગંધાર, વિલાયત, ને દેહેજ એ મોટા કસ્બા છે. આ શિવાય (**પખાજણ, રહીઆદ, કલાદ્રા, કડોરા, અંભેટા, કેશવાણ,**) છે.

---

* ગંધારમાં જોવા લાયેક જુની મૂર્તિઓ છે. તે ઉપરથી માલંમ પડે છે કે અસલના વખતમાં તે મોટું શેહેર હશે.

મુખ્ય અધીકારી—મામલતદાર, મુનસફ, ફોજદાર, (મુનસફ આમોદ પ્રગણાના થોડા ગામના દીવાની કામ ચુકવે છે.)

મુખ્ય પેદાશ—કપાસ, જુવાર, **ઘઊં**, કઠોળ, તેમાં દેહેજના વાલ ભરૂચ જીલ્લામાં વખણાય છે.

વાગરાના પશ્ચિમ ભાગને દેહેજબારા અથવા બારા કહેછે. ત્યાં જમીન રેતાળ ને ખારવાળી છે. ઉનાળામાં પાણીની તંગાસ ઘણીજ પડે છે.

આમોદ પ્રગણું.

ચાર દિશાની હદ—ઉત્તરમાં ઢાઢર નદી પેલી તરફ જંબુસર પ્રગણું, દક્ષિણમાં ભરૂચ તથા વાગરા પ્રગણું, પૂર્વમાં ગાયેકવાડી વડોદરા સરથાન, પશ્ચિમમાં વાગરા પ્રગણું, ને પેલીમેર દરિયો છે.

ગામ તથા વસ્તી—(૪૭) ગામ તથા (૩૯૬૪૧) માણસની વસ્તી છે.

મુખ્ય નદી—ઢાઢર એ ઉત્તરે છે.

મુખ્ય ખાડીઓ—આછોદ, ગોપાલ, રૂપારેલ, મોના વિગેરે.

ઠાકોરનાં ગામ—આમોદ, કેરવાડા, ઇખર એમાં ઠાકોરના વાંટા છે.

મુખ્ય ગામ—આમોદ ઢાઢર નદી ઉપર છે એમાં (૫૮૮૨) માણસની વસ્તી છે ને વાણીઆ, બ્રાહ્મણ, ક્ષત્રી, વિગેરે લોકો વસે છે; **રોજા ટંકારીઆ, ઇખર, સમોણ** મોટાં ગામ છે. આ શિવાય (**કેરવાડા, બુવા, સમની, દોરા, માતર** એ વાગરા તાલુકાની હદમાં આવેલું છે.)

મુખ્ય અધીકારી—મામલતદાર, ફોજદાર.

મુખ્ય પેદાશ—કપાસ, જુવાર, ઘઊં, બાજરીની છે. (સમનીમાં કપાસ પીલવાનું કારખાનું હાલમાં થયું છે.)

જંબુસર પ્રગણું.

ચાર દિશાની હદ—ઉત્તરે મહી નદી, દક્ષિણમાં ઢાઢર નદી, પૂર્વમાં ગાયેકવાડી વડોદરા સંસ્થાન, પશ્ચિમમાં ખંભાતનો અખાત છે.

ગામ તથા વસ્તી—(૮૨) ગામ તથા (૭૭૭૭૨) માણસની વસ્તી છે.

મુખ્ય નદીઓ—૧ મહી નદી ઉત્તરે છે, ૨ ઢાઢર દક્ષિણમાં છે.

વેપારના બંદર—ટંકારીઆ ઢાઢર નદીના બારા ઉપર છે દેગામ મહી નદીના બારા ઉપર છે.

જોવા લાયક જગા—કાવીમાં સાસુ વહુના બંધાવેલાં દેરાં છે

ઠાકોરના ગામ—સારોદ, જંત્રાણ, અને શીગમણ એમાં ઠાકોરના વાંટા છે.

મુખ્ય ગામ—જંબુસર ઢાઢર નદીથી ત્રણ ગાઉ ઉપર છે એમાં (૧૧૪૭૯) માણુસની વસ્તી છે ને વાણીઆ, બ્રાહ્મણ, મુસલમાન, કાછીઆ વિગેરે લોકોની વસ્તી છે. એમાં દવાખાનું ને સુધરાઇખાતુ છે. કાવી, ગજેરા, સરોદ, ને વેડચ એ મોટાં ગામ છે. આ સિવાય (ટંકારીઆ, દેગામ, જંત્રાણ, નોધણા, હણુખી, કારેલી)છે.

મુખ્ય અમલદાર—મામલતદાર, મુનસફ, ફોજદાર વિગેરે તેમાં મુનસફ આમોદ પ્રગણાના થોડા ગામનાં દીવાની કામ ચુકવે છે.

મુખ્ય પેદાશ—કપાસ, જુવાર, બાજરી, ને ગળીની છે કપાસ પીલવાના ૩ કારખાનાં જંબુસરમાં છે ને એક કાવીમાં છે.



નીચેના સવાલો શિક્ષકોએ છોકરાઓને પુછી તેમનાં મન તે તરફ લાવી ઘણા વિવેચન સાથે સમજાવવા તેના નમુના બદલ દાખલા.

૧ રાજા તે કોને કેહેવાય, તે શું કામ કરે, કોણ નાત હોય છે.

૨ ભરૂચ જીલ્લાના અથવા તેને લગતી કયા કયા રાજની સરહદો લાગેલીછે.

૩ ભરૂચ જીલ્લાગાં કોનું રાજ્ય છે. ને તે રાજા કોણ છે, ને ક્યાં રહે છે ને તેમણે રૈયતના બંદોબસ્તને માટે સરકારી નોકરોની કેવી ગોઠવણ કરીછે?

૪ રાજપીપળા તે શું છે—નાંદોદના રાજને રાજપીપળાનું રાજ કેમ કહેછે ?

૫ કીમ નદીથી છેક મહી નદી સુધી જઈએ તો વચમાં કઇ કઇ ખાડીઓ અથવા નદીઓ ઓળંગવી પડશે ને વચમાં કયા કયા તાલુકા આવી જશે?

૬ વાગરા તાલુકાની પશ્ચિમમાં ખંભાતનો અખાત છે. તો તેની પશ્ચિમમાં કોઈ દેશ હશે કે નહીં ?

૭ હાંસોટથી ગાડીએ બેશી લખી ગામ જવાય કે નહીં, ને કાવીથી ખંભાત જળ માર્ગે શી રીતે જવાય ?

૮ અખાત તે શું હશે, ને તેનું પાણી ખેતીના કામમાં લેવાય કે નહીં. ને લે તો શી અડચણ પડે ?

૯ શુકલતીર્થથી ગંધાર કઈ દિશાએ છે? કાવીથી માંડવા કઇ દિશાએ? હાંસોટથી પાનોલી કઇ દિશાએ છે? (આ સવાલની પેઠે બીજા પણ સવાલ પુછવા ને તેમને સમજાવવા.)

૧૦ નર્મદા, ઓરસંગ(?) ઐરાવતી, ઢાઢર, કીમ, એ નદીઓનાં પાણી કઇ દિશાએ વહે છે.

૧૧ નકશામાં નદીને પૂર્વ છેડા આગળ આંગળી રાખી પુછવું કે નર્મદા અહીંથી થઇ રહી કે આગળ છે? એ પ્રમાણે બધી નદીઓનું પુછવાથી છોકરાઓને તે બાબતનો વિચાર કરવો પડે છે, ને પછી ખુલાસો કરવાથી છોકરાઓને તે બાબતનું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

૧૨ આમોદથી સડકે થઇને ભરૂચ આવવું હોય તો કયાં કયાં મોટાં ગામ આવે ને તે ગામ કીયા તાલુકાનાં હશે?

૧૩ આમોદથી ગાડાં જવાની સડકો કઇ કઇ તરફ છે ને તે કયાં સુધી છે, ને તે સડક કેવી હશે? આગગાડી જવાની સડક ને તે સડકમાં તફાવત શો? તેજ પ્રમાણે ભરૂચ જીલ્લામાં કીયા મોટા ગામ ઉપર જવાને સડક કાઢી છે. ને તે કયાંથી? (એ રીતે સુચક પ્રશ્નોથી સડક બાબત વિચાર ઉત્પન કરી ને સમજાવવા.)

૧૪ નાના ગામડાઓમાં મારા મારી વિગેરે થાય તો લોકો કોની પાસે ફરીઆદ કરવા જાય છે.

૧૫ દરેક ગામ સરકારનાં છે, પણ સરકારને તેની ઉપજ કેવી રીતની છે? કલેકટર, મામલતદાર, મુનસફ, જજ્જ, ફોજદાર, પોલીસપટેલ, વિગેરે અધીકારીઓ કહેવાય તે શું કામ કરતા હશે તે બરોબર સમજાવો?

૧૬ બંદર તે શું? ને રેલવે સ્ટેશન તે શું? ને એ બેમાં તફાવત શો? ગામડું, કસ્બો, શેહેર, તાલુકો કોને કહેછે.

૧૭ જંબુસર તાલુકામાં ગામતો ઘણાં છે. તેવું એક
તો તેને જંબુસર પ્રગણું કેમ કહેછે? કાવી અથવા
પ્રગણું કેમ કહેતા નથી?

૧૮ ભરૂચ જીલ્લામાં પાંચ પ્રગણાં છે. પણ તેમાં જંબુસર જીલ્લો કે
વાગરા જીલ્લો ન કહેવાતાં ભરૂચ જીલ્લો કેમ કહેછે?

૧૯ ભરૂચ તાલુકાનાં કયાં ગામ નર્મદા*નદીના દક્ષિણ ભાગમાં આ-
વેલાં છે? ને આમોદ પ્રગણાનું માતર ગામ વાગરા તાલુકાની
હદમાં કેમ આવ્યું હશે?

૨૦ આલીઆ બેટ ઘણો મોટો છે, ને તેમાં વસ્તી નથી, તેનું શું
કારણ હશે?

૨૧ આમોદ ને વાગરા તાલુકાની હદ નકશામાં રંગથી પુરી બતા-
વેલીછે. પણ નકશામાં તો રંગ છે પણ તે જગાએ વાગરા તથા
આમોદ તાલુકાની વચમાં હદ બતાવવાને કોટ ચણીલીધો હશે
કે વાડ કરવી પડી હશે?

૨૨ ગાયેકવાડ એ નામ રાજાનું છે કે હોદ્દો છે? ને ગાયકવાડની
રાજગાદી કયાં છે?

૨૩ ભરૂચ જીલ્લાના કોઇ ભાગ ને કાનમ, બારા, વાકળ, જે કેહેવાય
તે ભાગ કયા?

૨૪ ખેડવા લાયક જમીન નથી તેને માટે આ નકશામાં કેવી નિ-
શાની બતાવી છે?

૨૫ શાહબાદ, માંડવાબુજર્ગ, તેને માટે વિશેશ શું સમજો છો?

૨૬ સુધરાઈખાતું તે શું કામ કરે ને ઘણું કરીને તે ક્યાં હોયછે?

૨૭ જાત્રાનાં ઠેકાણાં જે ભૂગોળમાં બતાવ્યાં છે તે કયા કયા લોકનાં

ુનાં કીયાં ને મુસલ્લમાનનાં કીયાં)
.જથી આગગાડીમાં બેશી કીમ ઉતરીએ તો વચમાં કીયાં
કીયાં સ્ટેશન આવે? ચમાર ગામથી રેલવેમાં બેશી હાંસોટ
જવું હોય તો કીયા સ્ટેશને ઉતરીને ગાડાની સડકે જવાય.
જવું હોય તો કીયા સ્ટેશને ઉતરીને ગાડાની સડકે જવાય.
૨૯ પાનોલીથી ગાડીએ બેશી ઉત્તરમાં જઈએ તો પ્રથમ ગુજરાતનો
કીયો જીલ્લો આવે, ને કઇ મોટી નદી ઓળંગવી પડે. કીમથી
દક્ષિણમાં જઈએ તો કીયો જીલ્લો આવે ?
૩૦ મહી નદીની ઉત્તરમાં કીયો તાલુકો આવ્યો છે?
૩૧ ભરૂચથી ખંભાત જળ માર્ગે જવું હોય તો કયાં થઇને જવાશે
ને શી રીતે ?
૩૨ નદીઓ ડુંગરમાંથી એકદમ નિકળતી હશે કે શી રીતે, ને નિ-
કળતું હશે તે પાણી ક્યાંથી આવતું હશે ?
૩૩ ડુંગર, પર્વત, ઉપર ખેતી થાય કે નહીં? ને ડુંગરની ને પર્વ-
તની પેદાશ સરકારને કાંઈ થતી હશે કે નહીં?
૩૪ વાંટા, ઇનામી ગામ, ઠાકોર એ શબ્દોથી શું સમજો છો?
૩૫ ભુખી ખાડી કહેવાય છે પણ તેને ભુખી નદી કેમ કેહેતા નથી?
ને ભુખી ખાડી કયાંથી નીકળે છે? વંદખાડી કયાંથી નીકળે છે?
એ બે ખાડી દરિઆને મળે છે પણ બીજી કેટલીક દરિઆં
મળતી નથી તેને ખાડી કેમ કેહેવાયછે?
૩૬ ખંભાત, નાંદોદ, વડોદરા, એમાં રાજ્ય કોનું હશે ને તમો
ગામમાં રહોછો તેમાં રાજ કીયા રાજાનું હશે?

સમાપ્ત.

[illegible]

[illegible]

૦-૨-૦ [illegible]

૦-૧-૦ [illegible]

૦-૪-૦ [illegible]

[illegible]

[illegible]